# મોડાસા તાલુકાના બોલુન્દ્રા ગામના જવાનનું અરૂણાચલ પ્રદેશમાં ફરજ પર હાર્ટ એટેકથી મોત




## જવાનની અંતિમ યાત્રામાં કોઈ રાજકીય નેતા ફરક્યા નહી

મોડાસા, તા. ૨૦

મોડાસા તાલુકાના બોલુન્દ્રા ગામના મકવાણા મનહરભાઈ જવાનભાઈ (ઉં.વ.૩૫) છેલ્લા ૧૪ વર્ષથી ભારતીય સેનમાં જોડાયા હતા અને દેશના અલગ અલગ પ્રદેશોમાં સેવા આપી હતી. છેલ્લા દોઢેક વર્ષથી મનહરભાઈ અરૂણાચલપ્રદેશ ખાતે ફરજ બજાવતા હતા ત્યારે ગુરૂવારના રોજ વહેલી સવારે અચાનક છાતીમાં દુખાવો ઉપડતાં જમીન પર ઢળી પડતાં તાત્કાલિક નજીકના દવાખાને ખસેડવામાં આવ્યા હતા. ત્યાં તબીબોએ હાર્ટ એટેકથી જવાનનું મોત થયું હોવાનું જાહેર કર્યું હતું.

આ અંગેની જાણ માદરે વતન બોલુન્દ્રા ખાતે કરાતા જવાનના પરિવાર અને પંથકમાં શોક ફેલાઈ ગયો હતો. જવાનના પાર્થિવદેહને શનિવારના રોજ માદરે વતન બોલુન્દ્રા ખાતે લવાયો હતો. ત્યારે હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા અને સેના સુરક્ષા દળના જવાનોએ ગાર્ડ ઓફ ઓનરથી સલામી આપી જવાનના મૃતદેહ પંચમહાભુતમાં વિલીન કરાયો હતો. જવાન પોતાના પરીવારમાં પત્ની, એક દિકરી, બે દિકરાને મુકી વિદાય લેતાં પંથકમાં ઘેરો શોક ફેલાઈ ગયો હતો. નવાઈની વાત એ હતી કે જવાનના પરીવારને સાત્વન આપવા કે જવાનની અંતિમ યાત્રામાં કોઈ રાજકીય નેતા ફરક્યા નહોતા જેના લીધે લોકોએ નેતાઓ પર રોષ ઠાલવ્યો હતો. જ્યારે વીએચપીના સદસ્યો હાજર રહી જવાનના પરીવારને સાત્વન આપ્યું હતું.

(તસવીર : જય અમીન, મોડાસા)




અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના શીકા ગામ પાસે આજે વહેલી સવારે ટ્રક અને લકઝરી બસ વચ્ચે અકસ્માત થયો હતો. જેમાં ૧૫ જેટલા મુસાફરોને નાની મોટી ઈજાઓ થવા પામી હતી. તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત થયેલ લકઝરી બસ સુરતથી રાજસ્થાન તરફ જઈ રહી હતી. ત્યારે ધનસુરાના શીકા પાસે સામેથી આવી રહેલા ટ્રકચાલકે ટ્રક પરનો કાબુ ગુમાવતા સામેથી આવતી લકઝરી બસને ટક્કર મારી હતી. જેથી લકઝરી બસમાં સવાર ૧૫ મુસાફરોને નાની મોટી ઈજાઓ થવા પામી છે. પોલીસ તાબડતોડ ગટના સ્થળે પહોંચી ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. (તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

# સરકારી કન્યા છાત્રાલયમાં ચાલતા ભ્રષ્ટાચારની તપાસ કરવા માંગ

હિંમતનગર, તા. ૨૦

હિંમતનગરના ખેડતસીયા રોડ પર આવેલી આદિજાતિ વિભાગ સંચાલિત કન્યા છાત્રાલયમાં વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર થતો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આદિવાસી કન્યા છાત્રાલયમાં વિદ્યાર્થીનીઓને સ્ટડી ટેબલ, કપબોર્ડ સહિતના સાધનોની સુવિધા પણ અપાતી નથી. ત્યારે કસુરવાર કર્મચારીઓ વિરૂદ્ધ તપાસ કરવા માટેની માંગણી ઉઠી છે. આ અંગે રવિભાઈ પાંડોર, મહેન્દ્રભાઈ મોડીયા સહિતના અરજદારોએ જણાવ્યું હતું કે આદિજાતિ સરકારી કન્યા છાત્રાલયમાં ૧૩૦થી વધુ ગરીબ આદિવાસી પરિવારની છાત્રાઓ અભ્યાસ કરે છે. સરકાર દ્વારા વર્ષે દહાડે કરોડો રૂપિયાની ગ્રાન્ટ આદિવાસી છાત્રાઓના અભ્યાસ માટે તેમજ નિવાસ પાછળ ખર્ચવામાં આવે છે. થોડાક દિવસ અગાઉ સરકારી કન્યા છાત્રાલયમાં ખોરાકી ઝેરની અસરથી ૨૪થી વધુ છાત્રાઓને સિવિલ હોસ્પિટલ હિંમતનગરમાં ખસેડવામાં આવી હતી. સરકારી કન્યા છાત્રાલયમાં નબળી ગુણવત્તાવાળુ જમવાનું આપવામાં આવતો હોવાનો આક્ષેપ છે. રસોઈ કોન્ટ્રાક્ટર તેમજ વિભાગના અધિકારીઓની મિલી-ભગતના પગલે ગુણવત્તા વિનાનો ખોરાક રંધાય છે. જેના પગલે કન્યા છાત્રાલયમાં રહેતી વિદ્યાર્થીનીને ખોરાકી ઝેરની અસર થઈ છે. જેથી જવાબદાર અધિકારીઓ તથા કોન્ટ્રાક્ટર વિરૂદ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી ઉઠી છે. હોસ્ટેલના રૂમમાં વિદ્યાર્થીનીઓ માટે સ્ટડી ટેબલ, કપબોર્ડ જેવી સુવિધાઓ પણ પુરી પાડવામાં આવતી નથી. જે અંગે તકેદારી આયોગ, આદિજાતિ કલ્યાણ વિભાગ ગાંધીનગર સમક્ષ પણ ફરિયાદ કરવામાં આવી છે.

## બનાસકાંઠા યુવા ભાજપના હરેશ ચૌધરીને બિરદાવતા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ

પાલનપુર, તા. ૨૦

બનાસકાંઠા જિલ્લા ભારતીય



જનતા યુવા મોરચાના મહામંત્રી અને સદભાવના ગ્રુપના ચેરમેન હરેશભાઈ ચૌધરીએ બનાસકાંઠા જિલ્લામાં કરેલા લોકહિતના અને સેવાકીય કાર્યોની નોંધ લઈ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી આનંદીબહેન પટેલે ગાંધીનગર સી.એમ. કાર્યાલય મુકામે તા. ૧-૮-૨૦૧૫ના રોજ રૂબરૂ આમંત્રિત કરી કરેલ કામગીરીની સરાહના કરી બિરદાવ્યા હતા અને ભારતીય જનતા પાર્ટી સદસ્યતા નોંધણી-૨૦૧૫ અભિયાન અંતર્ગત ૩૬૮૦૦ સભ્યો નોંધી દેશમાં બીજો ક્રમ હાસિલ કરેલ જે બદલ અભિનંદન પાઠવ્યા હતા. બીજા જિલ્લાના યુવાનોને આવા પ્રોજેક્ટોથી અવગત કરાવી દરેક જિલ્લામાં આવા લોક-હિતના સકારાત્મક કાર્યો થાય એ માટે પ્રેરણા આપવા જણાવેલ અને ભવિષ્યમાં પણ આવા કામો કરતા રહો એવા આશીર્વાદ આપ્યા હતા.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## પાલનપુરમાં સર્વત્ર ગણેશ મહોત્સવ

પાલનપુરમાં સર્વત્ર ગણેશ મહોત્સવ ધૂમ મચી રહી છે. શહેરના જૂના પાવર હાઉસ ગણપતિ મંદિર ગુરૂનાનક ચોક, લક્ષ્મી ટેકરી, હનુમાન ટેકરી, જૂના લક્ષ્મીપુરા, બેચરપુરા રેલવે પોલીસ સ્ટેશન સહિતના વિસ્તારોમાં વિશાળ મંડપમાં રંગબેરંગી રોશની વચ્ચે ગણેશજીની સ્થાપના કરવામાં આવી છે. જ્યાં દરરોજ વિવિધ સાંસ્કૃતિક અને મનોરંજનના કાર્યક્રમો પણ યોજાય છે. જેમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા છે.

## મોડાસા માર્કેટયાર્ડની ત્રણ તેલનો વેપાર કરતી પેઢીઓમાં ફૂડ એન્ડ ડ્રગ્સના દરોડા : તેલના નમૂના લેવાયા

મોડાસા, તા. ૨૦

મોડાસા શહેરના માર્કેટયાર્ડમાં આવેલી ત્રણ જાણીતી તેલનો વેપાર કરતી પેઢી પર ગાંધીનગર સ્થીત ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના



અધિકારીઓની ટીમ ત્રાટકી હતી અને વિવિધ તેલના નમૂના લઈ ચેકિંગ અર્થે ફૂડ વિભાગની લેબોરેટરીમાં લઈ જવામાં આવ્યા હતા. મોડાસા માર્કેટયાર્ડમાં તેલમાં ભેળસેળ થતી હોવાની મળેલી બાતમીના આધારે ત્રાટકેલી ફૂડ એન્ડ ડ્રગ્સના દરોડાથી તેલમાં ભેળસેળ કરી પ્રજાજનોમાં આરોગ્ય સાથે ચેડા કરતા ભેળસેળીયા તત્વોમાં ફફડાટ ફેલાયો હતો.

મોડાસાના જૂના માર્કેટયાર્ડમાં આવેલી ત્રણ તેલનો વેપાર કરતી પેઢીઓમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમના અધિકારીઓ ત્રાટક્યા હતા અને ત્રણેય પેઢીઓમાંથી દુકાન અને ગોડાઉનમાં રાખવામાં આવેલા પામોલીન, કપાસીયા, સોયાબીન, સિંગતેલ અને દિવેલના નમૂના લઈ તપાસ હાથ ધરવામાં આવી હતી. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે તેલના સેમ્પલ લઈ સીલ કરી તપાસ અર્થે લઈ જવામાં આવ્યા હતા. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીની રૂબરૂ મુલાકાતમાં જણાવ્યું હતું કે બાતમીના આધારે નમૂના લઈ તપાસ હાથ ધરવામાં આવી હતી અને આ અમારી રૂટીન તપાસ છે.

મોડાસા માર્કેટયાર્ડમાં તેલના વેપારીઓના ત્યાં ત્રાટકેલી ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમની જાણકારી શહેરના વેપારીઓને થતાં ભેળસેળીયા તેલ વેચતા વેપારીઓના પેટમાં તેલ રેડાયું હતું.

(તસવીર : જય અમીન, મોડાસા)

# અરવલ્લીના દોલપુરમાં ક્ષત્રીય ઠાકોર સેના દ્વારા સંમેલન યોજાયું




## હાર્દિક પટેલ દ્વારા અરાજકતા ફેલાય છે : અલ્પેશ ઠાકોર

મોડાસા, તા. ૨૦

પાટીદારો દ્વારા દમન ગુજરનાર પોલીસને સસ્પેન્ડ કરવાની સરકાર સમક્ષ ઉગ્ર માંગ ઉઠવામાં આવી છે ત્યારે ક્ષત્રીય સેનાના પ્રમુખ અલ્પેશ ઠાકોરે નિવેદનમાં જણાવ્યું છે કે રાજ્યમાં એક પણ પોલીસને સસ્પેન્ડ કરશે તો ઓબીસી એસટી અને એસસીના ૪ કરોડ લોકો રોડ ઉપર ઉતરી આવશે. સરકારને પણ આડે હાથે લેતા જણાવ્યું કે આખા ગુજરાત રાજ્યમાં બે મહિનાથી અરાજકતા ફેલાવનાર હાર્દિક પટેલ સામે કડક પગલા ભરવામાં આવશે.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના દોલપુર ગામે ક્ષત્રીય સેનાના પ્રમુખ અલ્પેશ ઠાકોરે પાટીદાર અનામત આંદોલન સામે આકરા પ્રહારો કર્યા હતા. સમગ્ર ગુજરાતમાં સુખ સાહબી ભોગવતો સમાજ કંઈક માંગવા નીકળ્યો છે અને અરાજકતા ફેલાવી દીધી છે. છેલ્લા બે મહિનાથી હાર્દિક પટેલે આખા રાજ્યને બાનમાં લીધી છે. સરકાર તેની સામે કડક પગલા ભરે જે લોકો જેથી પાટીદાર સમાજ માટે આ સારા સમાચાર નથી અને સરકારને ચેતવણી આપી હતી કે આવા લોકો સામે કડકમાં કડક હાથે પગલા લો નહી તો આવનાર સમય ખરાબ આવશે.

(સમીર બલોચ, મોડાસા)

## પ્રાંતિજમાં ગણેશ મહોત્સવની હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી

પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા તાલુકામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ વિઘ્નહર્તા ગણેશજીની મૂર્તિઓનું વિવિધ જગ્યાએ સ્થાપના કરવામાં આવ્યું છે. જેમાં પ્રાંતિજ અનંત વિલાસ ખાતે પાંચ દિવસમાં બનાવેલ ગણેશની મૂર્તિએ આકર્ષણનું કેન્દ્ર બની છે.

પ્રાંતિજ ખાતે દેવોનાદેવ મહાદેવના પુત્ર ગણેશની ઘરેઘરે તથા વિવિધ ગણેશ મંડળો દ્વારા સાર્વજનિક પંડાવ બનાવી દસ દિવસ માટે સ્થાપના કરવામાં આવી છે. ત્યારે ગુર્જરની પોળ, પંડ્યાવાસ, ગોપીનાથ સોસાયટી અને અનંત વિલાસ વગેરે જગ્યાએ બાપ્પાની સ્થાપના કરવામાં આવી છે. જેમાં ગોપીનાથ સોસાયટીમાં સોસાયટીના રહીશો દ્વારા એક વર્ષના ગણપતિની સ્થાપના કરેલ છે. અને પ્રથમ વખત બાપ્પાની મૂર્તિ લાવી સવાર સાંજ આરતી પૂજા કરવામાં આવે છે. જ્યારે પાંચમાં દિવસે વિસર્જન કાર્યક્રમ યોજાશે. જ્યારે ગુર્જરની પોળ ખાતે પણ દરવર્ષની જેમ સ્થાપના કરવામાં આવી છે.

## ભિલોડામાં કતલખાને લઈ જવાતો ગૌ-વંશ ભરેલો છોટા હાથી ટેમ્પો અને કસાઈઓ ઝડપાયા



ભિલોડા, તા.૨૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા-શામળાજી ધોરીમાર્ગ ઉપર આવેલ હાર્દસમા બજાર વિસ્તારમાંથી ગૌ-રક્ષકોએ કતલખાને જતું ગૌ-વંશ બચાવી લીધું હતું. ભિલોડા પોલીસ સ્ટેશનમાં કસાઈઓ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાઈ છે. ભિલોડાના હાર્દસમા બજાર વિસ્તારમાંથી પસાર થતો ટાટા એસ. છોટા હાથી ટેમ્પા નંબર. જી.જે. ૯. ઝેડ. ૬૪૧૭માં પાસ પરમીટ વિના મરણતોલ હાલતમાં ૨ બળદ,૨ રેલ્લીઓ ભરી કતલખાને લઈ જતા કસાઈઓને ભિલોડાના ગૌ-રક્ષકો સંકેતભાઈ ચૌધરી, યજ્ઞેશભાઈ પંચાલ, ભરતભાઈ સોમાણી, રણવીરસિંહ સિસોદીયા, જીગર પટેલ સહિત જીવદયાપ્રેમીઓએ કસાઈઓને બાતમીના આધારે ઝડપી લીધા હતા. ગૌ-વંશની અંદાજીત કિંમત રૂા. ૨૦,૦૦૦/-છે. ટેમ્પાની કિંમત રૂા.૧,૫૦,૦૦૦/- કુલ મુદ્દામાલની કિંમત રૂા.૧, ૭૦, ૦૦૦/- છે. ભિલોડા પોલીસ સ્ટેશનમાં સંકેતકુમાર ચૌધરીએ કસાઈઓ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતાં પોલીસએ ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે. ભિલોડા પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

## મોડાસામાં વિકલાંગ નિદાન કેમ્પ યોજાયો

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં એક વર્ષ અગાઉ સ્થપાયેલ ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીની શાખા દ્વારા અરવલ્લી જિલ્લામાં સ્વાસ્થ અને થેલેસીમીયા અને બ્લડ ડોનેશનના અનેક કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. રવિવારે મેવાડ હોસ્પિટલના સહયોગ અને અરવલ્લી જિલ્લા ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી શાખા દ્વારા ઓર્થોપેડિક નિષ્ણાંત દ્વારા વિકલાંગ નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં અરવલ્લી જિલ્લાના જરૂરીયાતમંદવાળા દર્દીઓએ લાભ લીધો હતો. વિકલાંગ નિદાન કેમ્પમાં અરવલ્લી જિલ્લા કલેક્ટર એસ. છાકછુઆક, સહયોગ કુષ્ઠ ટ્રસ્ટના સુરેશભાઈ સોની મેઘરજ રામદેવ પુત્ર આશ્રમના, શ્રીમાધવ પ્રસાદ નાયક ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ગુજરાત રાજ્ય, ડૉ. વિનોદ થાહર, ડૉ. ટી.બી. પટેલ, ભરતભાઈ પરમાર અને રાકેશ જોષીએ દિપ પ્રાગટ્ય કરી વિકલોંગ નિદાન કેમ્પને ખુલ્લો મુક્યો હતો. અરવલ્લી, સાબરકાંઠા, ખેડા, મહિસાગર, રાજસ્થાન વિકલાંગ દર્દીઓએ લાભ લીધો હતો. મફત નિદાન કેમ્પમાં ભાગ લેનારા પાંચ વર્ષ સુધીના શારીરિક ખોડખાંપણ ધરાવતા બાળકોને ફ્રી નિદાન કેમ્પ, પોલિયોગ્રસ્ત દર્દીઓને તદ્દન મફત ઓપરેશન કરવાની સાથે અકસ્માતનો ભોગ બનેલા લોકોને ૫૦ ટકા ભાવે ઓપરેશન કરી આપ્યા હતા.



## ધાનેરાની મધુસુદન માર્કેટમાં ગણેશ સ્થાપના કરાઈ

આજે ગણેશ ચોથ એટલે ગણપતિ દાદાનો દિવસ અને સમગ્ર દેશમાં ગણેશ ચોથની ઉજવણી થતી હોય છે. ત્યારે ધાનેરા મધુસુદન માર્કેટના તમામ ભાઈઓ એક થઈ ગયા વર્ષની જેમ આ વર્ષે પણ ત્રિદિવસીય ગણેશ મહોત્સવ મનાવાની તૈયારીમાં આજે સવારે ૯.૩૦ વાગે મધુસુદન માર્કેટના ચોકમાં ગણપતિદાદાની વાજતે ગાજતે સ્થાપના કરી પૂજા અર્ચના કરી હતી અને આવતીકાલે રાત્રે દાંડીયારાસનું પણ આયોજન રાખવામાં આવ્યું છે. અને રવિવારના દિવસે ગણપતિ દાદાની વિશાળ શોભાયાત્રા નીકાળી ધાનેરાની જાહેર માર્ગો ઉપર ફરી વિશ્વેશ્વર ખાતે ગણેશ વિસર્જન કરવામાં આવશે.

## બિલડીયાની બહેનો વોલીબોલ સ્પર્ધામાં જિલ્લામાં પ્રથમ

પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના બિલડીયા ખાતેની સેન્ટ એન્ડ્રુઝ હાયર સેકન્ડરી સ્કૂલની બહેનોની ટીમોએ જિલ્લાની વોલીબોલ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ વિજેતા બની ટ્રોફી અને ઈનામ મેળવી શાળા અને પંથકનું ગૌરવ વધાર્યું છે. શાળાકિય જિલ્લાકક્ષાની બહેનોની વોલીબોલ સ્પર્ધા તા. ૨૨મીના રોજ હિંમતનગર ખાતેની વિદ્યાનગરી સંકુલમાં યોજાઈ હતી. જેમા જિલ્લાની વિવિધ સ્કૂલોની બહેનોએ ભાગ લીધો હતો. જેમાં વોલીબોલ સ્પર્ધામાં પ્રથમ વિજેતા બની હતી.



## જય મહાકાળી ગૃપ દ્વારા તિથીભોજન અપાયુ

મોડાસા તાલુકાના લિંભોઈ પ્રાથમિક શાળા તેમજ મેઘરજ તાલુકાના પાદરમહુડીના કુલ ૫૦૦થી વધુ બાળકોને જય મહાકાળી ગૃપ દ્વારા તિથીભોજન અપાયુ હતુ. જેમાં ગૃપના સભ્યો અશોકભાઈ ત્રિવેદી, ભીખુસિંહ પરમાર, હિતેન્દ્રભાઈ જોષી, વસંતભાઈ દરજી, રાજુભાઈ રાઠોડ, શીવસિંહ રાઠોડ, બાબુભાઈ ચૌહાણ હાજર રહી બાળકોને ભોજન પીરસ્યું હતું. બન્ને શાળાના આચાર્ય તેમજ શિક્ષકોએ તેમજ એસએમસી સભ્યોએ જય મહાકાળી ગૃપનો આભાર માન્યો હતો. (જય અમીન)